**(૧૦)**

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. ઉગ્ગમેણં | **આધાકર્માદિ ૧૬ ઉદ્ગમના દોષ** | ૨. અભિથુઆ | **સ્તુતિ કરાયેલા** |
| ૩. ભોમાલિક | **જમીન સંબંધી જૂઠ** | ૪. વિહરિસ્સામિ | **વિચરીશ** |
| ૫. અકરણયાએ | **નહિ કરવા વડે** | ૬. વિરય | **પાપથી નિવૃત્ત છું** |

**(આ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૩)**

| | જવાબ |
|---|---|
| ૧. સમતારૂપ સામાયિક વિશે | **સામાઈએ** |
| ૨. સમ્મત | **સમયં** |
| ૩. પરિત્યાગ કરું છું | **પચ્ચક્ખામિ** |

**(ઇ) પાઠ પૂર્તિ કરો.** **(૪)**

૧. સિદ્ધાઈ **ગુણેહિં બત્તીસાએ જોગસંગહેહિં તેત્તીસાએ** આસાયણાહિં

૨. સમાણે **દેવસિયં પડિક્કમણં ઠાએમિ દેવસિય** જ્ઞાન

**(૭૫)**

**પ્ર.૨ (અ) દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.** **(૨૫)**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. જહા દુમસ્સ ...... અપ્પયં **પાના નં. ૧૪ ગાથા ૨**

૨. આયાવયંતિ ...... સુસમાહિયા **પાના નં. ૨૪ ગાથા ૧૨**

૩. તીસે સો ...... સંપડિવાઈઓ **પાના નં. ૧૯ ગાથા ૧૦**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૭)**

૧. ૨૪ થી ૨૭ અનાચાર કયા છે? તે અર્થ સાથે લખો. (૪)

**જ. ૨૪. આસંદી – ખુરશી પર બેસવું.**

**૨૫. પલિયંકએ – પલંગ આદિ પર બેસવું.**

**૨૬. ગિહંતર – ગૃહસ્થના ઘરમાં કે બે ઘરની વચ્ચે અર્થાત્ શેરીમાં. ણિસિજ્જા – બેસવું.**

**૨૭. ગાયસ્સુવ્વટ્ટણાણિ – શરીરને સાફ કરવું.**

૨. વિષયભોગથી કોણ પાછા ફરે છે? (૧×૩)

**જ. સમ્યગ્દૃષ્ટિ, તત્ત્વજ્ઞ, પાપભીરુ વિચક્ષણ પંડિતો.**

૩. સર્વ મંગલમાં ઉત્કૃષ્ટ મંગલ કયા છે?

**જ. અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ.**

૪. જે સાધક ....... ની આસક્તિથી છૂટતો નથી, તે ....... ને વશ થઈ ખેદ પામે છે.

**જ. કામભોગો, સંકલ્પ–વિકલ્પો.**

**(૩) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

| | અર્થ | | અર્થ | | અર્થ |
|---|---|---|---|---|---|
| ૧. રીયંતે | **વિચરે છે** | ૨. સિયા | **કદાચિત્** | ૩. ણિહુઓ | **મનને સ્થિર કરીને** |
| ૪. વુચ્ચંતિ | **કહેવાય છે** | ૫. વિહારિણં | **વિહાર કરનારા** | ૪. ઈત્થ | **અહીંથી** |

**(૪) નીચેના શબ્દોનું મૂળ પાઠ (માગધી) લખો.** **(૩)**

| | મૂળ પાઠ | | મૂળ પાઠ | | મૂળ પાઠ |
|---|---|---|---|---|---|
| ૧. પલંગ | **સયણાણિ** | ૨. દૂર કરે | **વિણજ્જ** | ૩. તૃપ્ત કરે છે | **પીણેઈ** |

**(આ) નિયંઠાના આધારે જવાબ લખો. (૨૫)**

**(૧) નીચેનામાંથી કોઈપણ બે દ્વાર લખો. (૫)**

૧. કષાયકુશીલનો પન્નવણા દ્વાર – **પાના નં. ૨૭ દ્વાર ૧** ૨. શરીર દ્વાર – **પાના નં. ૩૦ દ્વાર ૧૦**

૩. પરિમાણ દ્વારમાં પૂર્વ પર્યાય અપેક્ષા – **પાના નં. ૩૮ દ્વાર ૩૫**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૨૦)**

૧. નિર્ગ્રંથ પોતાનું સ્થાન છોડી ક્યાં જાય? શા માટે?

**જ. કષાયકુશીલ, સ્નાતક કે અસંયમમાં જાય. નિર્ગ્રંથ ઉપશમ શ્રેણીથી પડતા કષાયકુશીલ થાય છે. શ્રેણીમાં કાળ કરે તો દેવમાં ઉત્પન્ન થવાથી અસંયત થાય છે. ક્ષપક શ્રેણીથી ચડે તો સ્નાતક થાય.**

૨. કષાયકુશીલ આયુષ્ય અને મોહનીયનો બંધ કયા ગુણસ્થાને કરે? શા માટે?

**જ. કષાયકુશીલ આયુષ્યનો બંધ સાતમા ગુણસ્થાન સુધી કરે. તેનાથી ઉપરના ગુણસ્થાને કરતા નથી કારણ કે આયુષ્યનો બંધ સાતમા ગુણસ્થાન સુધી જ થાય છે અને મોહનીયનો બંધ નવમા ગુણસ્થાન સુધી કરે કારણ કે દશમા ગુણસ્થાને બાદર કષાયના ઉદયનો અભાવ હોય છે.**

૩. પુલાકનો રાગ, વેદ, લેશ્યા અને સંજ્ઞા દ્વાર લખો.

**જ. રાગ દ્વાર – સરાગી. વેદ દ્વાર – પુરુષ વેદ, પુરુષ નપુંસક વેદ . લેશ્યા દ્વાર – પુલાકમાં ૩ શુભ લેશ્યા. સંજ્ઞા દ્વાર – નોસંજ્ઞાબહુત્તા હોય.**

૪. સ્નાતકનું સંહરણ થાય? થાય તો કેવી રીતે? કયા કાળમાં સદા હોય?

**જ. સ્નાતકનું સંહરણ થાય. સ્નાતક થયા પહેલા સંહરણ થાય પછી તે સ્નાતક થાય તે અપેક્ષાએ સદા કાળમાં હોય. મહાવિદેહમાં સદા હોય. સંહરણ અપેક્ષાએ અન્યકાળમાં પણ હોય.**

૫. બકુશમાં ચારિત્ર પર્યવ, સંયમ સ્થાન કેટલા? પડિસેવણામાં કોનાથી હીન, અધિક અને છટ્ઠાણવડિયા?

**જ. બકુશમાં ચારિત્ર પર્યવ અનંતા. સંયમ સ્થાન અસંખ્યાતા. પડિસેવણા પુલાકથી અનંતગુણવૃદ્ધિ, બકુશ, પડિસેવણા, કષાયકુશીલથી છટ્ઠાણવડિયા, નિર્ગ્રંથ સ્નાતકથી અનંતગુણહીન.**

૬. વર્તમાને ઈરવત અને મહાવિદેહમાં કેટલા કલ્પ હોય? કયા કયા?

**જ. વર્તમાને ઈરવતમાં કલ્પ બે – સ્થિત અને સ્થવિર. વર્તમાને મહાવિદેહમાં કલ્પ પાંચ – સ્થિત, અસ્થિત, સ્થવિર, જિન કલ્પ અને કલ્પાતીત.**

૭. પુલાકની ઉ. સ્થિતિ કેટલી? શા માટે?

**જ. અંતર્મુહૂર્ત. પુલાકત્વને પ્રાપ્ત મુનિ અંતર્મુહૂર્ત પૂર્ણ ન થાય ત્યાં સુધી મરણ પામતા નથી અને પુલાકપણાથી પડતા પણ નથી અને તેટલો કાળ બીજા નિયંઠામાં જતા પણ નથી.**

૮. નિર્ગ્રંથનો આગરેશ દ્વાર, ભાવ દ્વાર અને સ્પર્શના દ્વાર લખો.

**જ. આગરેશ દ્વાર – એક ભવ આશ્રી જ. ૧ વાર ઉ. ૨ વાર આવે, ઘણા ભવ આશ્રી જ. ૨ વાર ઉ. ૫ વાર આવે. ભાવ દ્વાર – ઉપશમ કે ક્ષાયિક ભાવમાં હોય. સ્પર્શના દ્વાર – અવગાઢ ક્ષેત્ર કરતા સ્પર્શના કાંઈક અધિક જાણવી.**

૯. કષાયકુશીલ અને પડિસેવણામાં પરિણામ કેટલા? કયા?

**જ. કષાયકુશીલ અને પડિસેવણામાં પરિણામ ૩ પરિણામ. હિયમાન, વર્ધમાન, અવસ્થિત. તેમાં હિયમાન અને વર્ધમાનની સ્થિતિ જ. ૧ સમય ઉ. અંત. અવસ્થિતની સ્થિતિ – જ. ૧ સમય ઉ. ૭ સમય**

૧૦. આહારક સમુદ્‌ઘાત કોણ કરે? ક્યા કયા નિયંઠામાં હોય? સ્નાતકનો ક્ષેત્ર દ્વાર લખો.

**જ. આહારક સમુદ્‌ઘાત ૧૪ પૂર્વી સાધુ જ કરે. એક કષાયકુશીલ નિયંઠામાં હોય. સ્નાતક લોકના અસંખ્યાતમા ભાગમાં, ઘણા અસંખ્યાતમા ભાગમાં અથવા સર્વ લોકમાં (કેવળ સમુદ્‌ઘાત અપેક્ષા) હોય.**

**(ઇ) સંજ્યાના આધારે જવાબ લખો. (૨૫)**

**(૧) કોઈપણ બે દ્વાર લખો. (૫)**

૧. સ્થિતિ દ્વાર – **પાના નં. ૪૬ દ્વાર ૨૯** ૨. જ્ઞાન દ્વાર – **પાના નં. ૪૧ દ્વાર ૭**

૩. પરિણામ દ્વાર – **પાના નં. ૪૩ દ્વાર ૨૦**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૬)**

૧. છેદોપસ્થાપનીયનો લેશ્યા, આહાર, ઘણા જીવ અપેક્ષા અંતર, ગતિ દ્વાર લખો.

**જ. છેદોપસ્થાપનીયમાં લેશ્યા ૬, આહારક, અંતર જ. અંત. ઉ. દેશે ઊણા ૧૮ ક્રો.ક્રો.સાગરનું, ગતિ જ. સૌધર્મ કલ્પ ઉ. ૫ અનુત્તર વિમાન.**

૨. પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં વેદ કેટલા? કયા કયા? સમુદ્‌ઘાત કેટલી? કઈ કઈ? શ્રુતજ્ઞાન કેટલું?

**જ. વેદ ૨ તે પુરુષ વેદી કે પુરુષ નપુંસક વેદી. સમુદ્‌ઘાત ૩. વેદનીય, કષાય, મારણાંતિક. ૨/૩/૩/૪ જ્ઞાન. શ્રુતજ્ઞાન અભ્યાસની અપેક્ષાએ જ. નવમા પૂર્વની ત્રીજી આચારવત્થુ સુધી ઉ. ૧૦ પૂર્વમાં ન્યૂન.**

૩. જે ચારિત્ર મોક્ષમાં લઈ જાય તે ચારિત્ર કયું? તેનો ઉપયોગ દ્વાર, ગુણસ્થાન અને મુખ્ય ભેદ લખો.

**જ. યથાખ્યાત ચારિત્ર. તેમાં ઉપયોગ બે – સાકારોપયોગ અને નિરાકાર ઉપયોગ. ગુણસ્થાન ૧૧ થી ૧૪. તેના મુખ્ય બે ભેદ – છદ્મસ્થ અને કેવળી.**

૪. જે ચારિત્ર સાતમા ગુણસ્થાને તીર્થંકરને હોય તે ચારિત્રનો બંધ, ઉદીરણા, વેદ અને લિંગ દ્વાર લખો.

**જ. સામાયિક ચારિત્રનો બંધ – ૭/૮ કર્મનો, ઉદીરણા – ૭/૮/૬ કર્મની. વેદ – ૮ કર્મ. લિંગ દ્રવ્યથી સ્વલિંગી, અન્યલિંગી કે ગૃહસ્થલિંગી, ભાવથી સ્વલિંગી.**

૫. સૂક્ષ્મસંપરાય ચારિત્રના ગુણસ્થાન કેટલા અને કયા? તેમાં નિયંઠા કયા? ઘણા ભવ અપેક્ષા કેટલીવાર આવે? શા માટે?

**જ. એક દશમું. તેમાં નિયંઠા – એક કષાયકુશીલ. ઘણા ભવ અપેક્ષા જ. બે વાર ઉ. નવ વાર આવે. આ ચારિત્રની પ્રાપ્તિ સંસારકાળ દરમ્યાન ઉ. નવ વાર આવે છે. એક ભવમાં ચાર વાર, અન્ય ભવમાં ચાર વાર અને અન્ય એક ભવમાં એક વાર તેથી આ ચારિત્ર ઘણા ભવ અપેક્ષા નવ વાર આવે.**

૬. છેદોપસ્થાપનીય ચારિત્ર છોડીને ક્યાં ક્યાં જાય? શા માટે?

**જ. પાંચ સ્થાને જાય. સામાયિક, પરિહાર વિશુદ્ધ, સૂક્ષ્મ સંપરાય, સંયમાસંયમ કે અસંયમમાં જાય. જ્યારે પહેલા તીર્થંકરના સંયત બીજા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરે ત્યારે છેદોપસ્થાપનીય છોડીને સામાયિક ગ્રહણ કરે છે.**

૭. જઘન્ય અષ્ટપ્રવચન માતાનું જ્ઞાન હોય તેવા સંજયા કેટલા? કયા કયા? તેનો તીર્થ દ્વાર લખો.

**જ. ચાર. સામાયિક, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત.**
**સામાયિક, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત તીર્થ અને અતીર્થ બંનેમાં હોય અને છેદોસ્થાપનીય તીર્થમાં જ હોય.**

૮. પરિહાર વિશુદ્ધ ચારિત્રનો ૧૧ મો ક્ષેત્ર દ્વાર લખો. સંહરણ થાય કે નહિ? લેશ્યા કઈ? પરિમાણ લખો.

**જ. ક્ષેત્ર દ્વાર – અવસર્પિણી કાળના ૩–૪ થા આરામાં જન્મે અને ૩–૪–૫ મા આરામાં પ્રવર્તે. ઉત્સર્પિણી કાળના ૨–૩–૪ થા આરામાં જન્મે અને ૩–૪ થા આરામાં પ્રવર્તે. સંહરણ ન થાય.**
**લેશ્યા ત્રણ શુભ.**
**જો હોય તો વર્તમાન અપેક્ષા ૧–૨–૩ ઉ. પ્રત્યેક સો. પૂર્વ પર્યાય અપેક્ષા જ. ૧–૨–૩ ઉ. પ્રત્યેક હજાર.**

**(૩) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

૧. સૂક્ષ્મ સંપરાય ચારિત્રવાળા શ્રેણી ઉતરતા ...... અને ...... માં જાય.

**જ. સામાયિક, છેદોપસ્થાપનીય.**

૨. યથાખ્યાત ચારિત્રી મંથન અવસ્થામાં હોય ત્યારે ...... ભાગ વ્યાપ્ત અને ...... ભાગ અવ્યાપ્ત રહે છે.

**જ. ઘણા અસંખ્યાતા, થોડો જ.**

૩. નવદીક્ષિતને દીક્ષા સમયે જે મહાવ્રતોનું આરોપણ કરે છે તે ...... હોય છે.

**જ. નિરતિચાર.**

૪. છેદોપસ્થાપનીય ચારિત્ર દ્રવ્યથી ......, ...... અને ...... લિંગ હોય.

**જ. સ્વલિંગી, અન્યલિંગી કે ગૃહસ્થલિંગી.**

(૧૫)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. જયઘોષને વૈરાગ્ય કેવી રીતે ઉત્પન્ન થયો? પોતાના શબ્દોમાં લખો. (૫)

**જ. એક દિવસ જયઘોષ ગંગા નદીના કિનારે સ્નાન કરવા ગયા હતા ત્યારે તેઓએ એક દશ્ય જોયું. એક દેડકાને સાપે પકડ્યો છે તે તેને ખાઈ રહ્યો છે. સાપને મોરે પકડ્યો છે તે સાપને અડધો ગળી ગયો છે. આ સ્થિતિમાં સાપ દેડકાને અને મોર સાપને છોડતા નથી. ત્યાં એક શિકારીએ મોરને મારવા બાણ ઉપાડ્યું તે જ સમયે સિંહ પાણી પીવા આવ્યો. તેણે શિકારીને જોઈને તરાપ મારી. આ દશ્ય જોઈને જયઘોષ વિચારવા લાગ્યા કે સબળ વ્યક્તિ નિર્બળને મારવા ઈચ્છે છે, પરંતુ કાળ ક્યારે કોળિયો કરી લેશે તેની ખબર પડતી નથી અને તેમને સંસારની અસારતાનો અનુભવ થયો અને તેનું હૃદય કંપી ઉઠ્યું અને તે જ સમયે જૈન સાધુનો તેમને સમાગમ થયો અને વૈરાગ્ય ઉત્પન્ન થયો.**

૨. બ્રાહ્મણ અને તપસ્વી કોને ન કહેવાય? બ્રાહ્મણ અને તપસ્વી કોને કહેવાય? (૨×૫)

**જ. માત્ર ૐ કારનો ધ્વનિ કરનારને બ્રાહ્મણ ન કહેવાય. બ્રહ્મચર્યના પાલનથી બ્રાહ્મણ કહેવાય.
વલ્કલના ઝાડની છાલના કપડા પહેરનારને તપસ્વી ન કહેવાય. તપ કરનારને તપસ્વી કહેવાય.**

૩. યાજ્ઞિક લોકો શેનાથી અજાણ હોય છે. શેના વાસ્તવિક સ્વરૂપને સમજતા નથી?

**જ. મોક્ષ વિદ્યા, બ્રાહ્મણની ગુણસંપદા, સ્વાધ્યાય, તપ.**

૪. સાધક કર્મથી મુક્ત ક્યારે બને છે? વિજયઘોષે જયઘોષને શ્રેષ્ઠ ભિક્ષુ શા માટે કીધા?

**જ. તીર્થંકરોએ બતાવેલા ધર્મ તત્ત્વોનું સમતા આદિ ગુણોનું આચરણ કરવાથી સાધક પૂર્ણ જ્ઞાની બને છે અને સર્વ કર્મથી મુક્ત બને છે. જયઘોષ નિરાસક્ત ભાવે, નાના-મોટાના ભેદ વિના અજ્ઞાત કુળોમાંથી ભિક્ષા ગ્રહણ કરે છે.**

૫. પ્રશ્નોના ઉત્તર આપવામાં અસમર્થ વિજયઘોષે જયઘોષ મુનિને શું કહ્યું?

**જ. વેદોનું મુખ શું છે? યજ્ઞનું મુખ શું છે? નક્ષત્રોનું મુખ શું છે અને ધર્મનું મુખ શું છે? પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવામાં સમર્થ કોણ છે? મને આ બધી બાબતો અંગે સંશય છે, તો કૃપા કરીને મને કહો.**

૬. ૬. પહેલા અણુવ્રતને અને ત્રીજા અણુવ્રતને આધારિત બ્રાહ્મણ કોને કહેવાય?

**જ. જે ત્રસ અને સ્થાવર જીવોને સંપૂર્ણપણે જાણીને ત્રણ કરણ અને ત્રણ યોગથી તેની હિંસા કરતા નથી.
જે અદત્ત ગ્રહણ કરતા નથી.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. બુદ્ધયા ........ **પાના નં.૬૩ ગાથા ૩** ૨. અલ્પશ્રુતં ......... **પાના નં.૬૫ ગાથા ૬**

૩. દષ્ટવા ........ **પાના નં.૬૭ ગાથા ૧૧**

**(૨) નીચેના વાક્યો કઈ ગાથાના છે તે ગાથા લખો. (અર્થ નહીં) (૩)**

૧. દેવોના ઈન્દ્રોએ જેમની સારી રીતે સ્તુતિ કરેલી છે. **પાના નં.૬૨ ગાથા ૨**

૨. આપના સમાન જ બની જાય છે. **પાના નં.૬૭ ગાથા ૧૦**

**જય – જિનેન્દ્ર**